# મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા ટ્રાયબલ સબ પ્લાન યોજના અંતર્ગત ખેડૂત શિબિર તેમજ પ્રથમ હરોળ નિદર્શનની ફિલ્ડ વિઝીટ યોજાઈ

પંચમહાલ જીલ્લાના મુખ્ય પાક એવા મકાઈપાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા ગામ-પીપલીયા, તાલુકો-ગોધરા, જિલ્લા:- પંચમહાલ ખાતે તા.૦૫/૦૮/૨૦૨૨ ના રોજ ટ્રાયબલ સબ પ્લાન યોજના અંતર્ગત ખેડૂત શિબિર તેમજ ફિલ્ડ વિઝીટ યોજવામાં આવી.

ખેડૂતોને મકાઈની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા તેમજ તેનો બહોળો પ્રચાર થાય એ ખુબ જ અગત્યનું હોઈ આ અંગેની તાલીમ આપવા માટે સદર ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૩૦ થી ૩૫ જેટલા ખેડૂત-ભાઈઓ-બહેનોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. આ ખેડૂત શિબિરમાં કેન્દ્રના યુનિટ હેડ અને સહ સંશોધન વૈજ્ઞાનિક, ડૉ.એમ.બી.પટેલ (પ્લાન્ટ બ્રિડર) એ મકાઈની મુલ્ય વર્ધિત તથા સંયોજિત અને સંકર જાતોની માહિતી આપી હતી તેમજ ખેડૂતોને પોતાનું/દેશી જાતનું બિયારણ વાપરવાના બદલે યુનિવર્સિટીની સંકર જાતોનું બિયારણ વાપરવા અંગે ભાર મુકેલ હતો.

શ્રી.ડી.એમ.રાઠોડે, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા બાયોફર્ટીલાઈઝરનો ઉપયોગ કરી રાસાયણિક ખાતર પાછળ થતો ખર્ચ ઘટાડવા માટે તેમજ મકાઈમાં ક્ષેત્રીય નિદર્શનથી થતા ફાયદાઓ વિષે વિસ્તૃતમાં માહિતી આપી હતી. શ્રી.કે.એચ.પટેલે, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્વારા મકાઈમાં રસાયણિક ખાતરના કાર્યક્ષમ ઉપયોગ અંગે તેમજ નીંદામણ નિયંત્રણ કરવા પર ભાર મુકેલ હતો. ડૉ.એચ.એસ.વર્મા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (કીટકશાસ્ત્રી) દ્વારા મકાઈમાં આવતી નવી જીવાત લશ્કરી ઇયળ (પૂછડે ચાર ટપકા વાળી) ની ઓળખ તેમજ મકાઇમાં આવતા રોગો અને તેના સંકલિત નિયંત્રણ અંગે વિગતવાર માહિતી આપેલ હતી. કાર્યક્રમની અંતે ખેડૂતભાઈઓ-બહેનોના ખેતીને લગતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવેલ હતું તેમજ પ્રથમ હરોળ નિદર્શનની ફિલ્ડ વિઝીટ કરવામાં આવેલ હતી.





